**વિભાગનુ નામ**- મહેસુલ વિભાગ

**ખાતાના વડાનું નામ**- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક

| ક્રમ | જગ્યા/સંવર્ગનુ નામ | જગ્યાની ફરજો/જવાબદારીની ટુંકમાં વિગત |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | નાયબ નિયામક, જમીન દફતર | વિભાગીય વડા હોઇ, સેટલમેન્ટ કમિશનરશ્રીના સીધા અંકુશ હેઠળ, તાબાના જીલ્લાઓની કચેરીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખે છે. |
| ૨ | સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ | તેમના હવાલામાંના સમગ્ર જીલ્લાની જીલ્લા સરવે કચેરીઓ / સીટી સરવે કચેરીઓના વહીવટ ઉપર સેટલમેન્ટ કમિશનરશ્રીના સીધા અંકુશ હેઠળ, દેખરેખ અને નિયંત્રણ રાખે છે. |
| ૩ | ડીસ્ટ્રીક્ટ ઈન્સપેક્ટર લેન્ડ રેકર્ડઝ | તેઓ જીલ્લા સરવે કચેરીઓમાં રાખવામાં આવતા જીલ્લાના તમામ ગામોના સરવે રેકર્ડની માપણી, જાળવણી, દુરસ્તી, પ્રતવારી અને અધત્તન નિભાવણી માટે જવાબદાર છે. |
| ૪ | આસી. ડીસ્ટ્રીક્ટ ઈન્સપેક્ટર લેન્ડ રેકર્ડઝ | તેઓએ જમીન દફતર ખાતાની નાયબ નિયામક / સુ.લે.રે./ ડી.ઇ.લે.રે./ સિટી સરવે સુપ્રિ. તથા સમાન પ્રકારની વર્ગ-૨ સંવર્ગની કચેરીઓના વડાને વહીવટી/તાંત્રિક ફરજો અને જવાબદારીઓ લેખિત કે મૌખિક સૂચના અન્વયે તમામ બાબતોમાં સહાય કરવાની હોય છે. |
| ૫ | સિનિયર સરવેયર | માપણી કામગીરી ઉપર દેખરેખ / નિમતાણા લેવા / સરવેયરોની આધુનિક માપણી સાધનો તથા ઓટોકેડ પ્રોગ્રામ / ડેટા પ્રોસેસીંગની / સોફટવેરની/ કમ્પ્યુટરાઇઝેશન / ડીઝીટાઇઝેશન / રી-સરવે બાદના અપડેશનની કામગીરીનું નિરીક્ષણ / માર્ગદર્શન, પેચીદા માપણી કેસો તથા તમામ ટેકનીકલ બાબતોમાં સલાહકાર તરીકે ફરજો અદા કરવી. |
| ૬ | સર્વેયર | તેઓએ તમામ પ્રકારની માપણી કામગીરી- હદ અંગેની માપણી, રી સરવે, પોત હિસ્સા માપણી, જમીન સંપાદન માપણી, ગામઠાણ માપણી, સાંથણીની માપણી, એકત્રીકરણ તેમજ તમામ પ્રકારની દુરસ્તીની કામગીરી તેમજ નિભાવણીની કામગીરી કરવાની હોય છે. |
| ૭ | ક્લાર્ક | ટપાલોની આવક જાવકની કામગીરી, હિસાબી કામગીરી, સ્કુટીની કામગીરી, નકલો આપવાની કામગીરી |
| ૮ | પટાવાળા | ફાઇલો / ટપાલો પહોંચાડવાની કામગીરી |